email : akhilgujaratlohanasamaj123@gmail.com
web. : www.akhilgujaratlohanasamaj.org
HELPLINE 9909994197

સંગઠન • સહકાર • સમર્પણ

પ્રમુખ શ્રી : શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી ધનવાનભાઈ કોટક
વરીષ્ઠ ઉપપ્રમુખ શ્રી : શ્રી દિવ્યેશભાઈ રાજદેવ
મહામંત્રી શ્રી : શ્રી ભગવાનદાસ શીવરામભાઈ ઠક્કર (બંધુ)
મહામંત્રી શ્રી : શ્રી મુકેશભાઈ એ. ઠક્કર

## અખિલ ગુજરાત લોહાણા સમાજ

(સમાજના ઉત્કર્ષ તથા સંગઠન માટે રચનાત્મક કાર્ય કરતી સંસ્થા)

કાર્યાલય એડ્રેસ : હોટલ નિલકંઠ ઈન, પાલડી ચાર રસ્તાની નજીક, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૭૪૦૩૦

# બહુચરાજી ખાતે દ્વિતિય કારોબારી સભા

તા.૧૧.૧.૨૦૧૪ ને શનિવાર ના રોજ પધારેલા હોદ્દેદારો તથા કારોબારી સભ્ય શ્રી ઓ સાથે સ્થળ અને સમય અનુસાર આનંદના ગરબાનું આયોજન કરવામા આવ્યું હતુ. આ માટે સુપ્રસીધ્ધ શ્રીમતી ભાવનાબેન ગોકલાણી તથા તેમના મંડળ દ્વારા સંગીત સાથે આનંદ ના ગરબાની ઉજવણી કરવામા આવી હતી.

તા. ૧૨.૦૧.૨૦૧૪ ને રવિવારનાં રોજ શ્રી રઘુવંશી પરિવાર – બહુચરાજીના યજમાનપદે અખિલ ગુજરાત લોહાણા સમાજની દ્વિતીય કારોબારી સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ.




સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમ્યાન પધારેલા હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ તથા આમંત્રીતો માટે રજીસ્ટ્રેશન તથા અલ્પાહારની સુંદર વ્યવસ્થા રાખવામાં આવી હતી. સવારે બરાબર ૧૦.૩૦ કલાકે સભાના અધ્યક્ષ તેમજ અખિલ ગુજરાત લોહાણા સમાજનાં પ્રમુખશ્રી ઉમંગભાઇ ઠક્કર, વિભાગીય ઉપપ્રમુખશ્રી તેમજ મુખ્ય યજમાન સંસ્થા શ્રી રઘુવંશી પરિવાર – બહુચરાજી ના શ્રી નરેશભાઇ ઠક્કર, મહામંત્રીશ્રી ભગવાનભાઇ ઠક્કર ‘બંધુ’, મહામંત્રીશ્રી મુકેશભાઇ ઠક્કર, યુવા સમિતિના પ્રમુખશ્રી જિજ્ઞેશભાઇ ભજીયાવાળા દ્વારા સૌ ટ્રસ્ટીઓ હોદ્દેદારો, કારોબારી સભ્યશ્રીઓ તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓનું શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યુ હતું. અને મહેમાનોના વરદહસ્તે દીપ પ્રાગટ્ય કરી, કારોબારી સભાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. સંચાલકશ્રી તેમજ શિક્ષણ સમિતિના પ્રમુખશ્રી ચંદ્રકાંતભાઇ તન્નાએ (આણંદ) સૌ મહાનુભાવોને મંચસ્થ થવા આમંત્રીત કર્યા હતા. ત્યારબાદ રઘુવંશી શૌર્યગીત દ્વારા સૌ રઘુવંશી લોહાણા જ્ઞાતિબંધુઓને સન્માનીત કરવામાં આવ્યા હતા.

અનિવાર્ય કારણોસર કારોબારી સમિતિની મિટીંગમાં હાજર ન રહી શકેલા હોદ્દેદારશ્રીઓ તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓનાં શુભેચ્છા સંદેશનું વાંચન સંચાલિક શ્રી ચંદ્રકાંતભાઇ તન્નાએ કર્યું હતું. તેમજ સ્વર્ગસ્થ જ્ઞાતીબંધુઓ ને શ્રધ્ધાંજલી અર્પણ કરવામાં આવી હતી.

# બહુચરાજી ખાતે દ્વિતિય કારોબારી સભા

ત્યારબાદ સમગ્ર લોહાણા સમાજ તેમજ સાહિત્ય જગતમાં જેમનું ગૌરવપૂર્ણ નામ લઈ શકાય તેવા શ્રી કનુભાઈ આચાર્ય દ્વારા ઉત્તર ગુજરાતની રઘુવંશી સમાજની ભવ્યતા અને દિવ્યતાનો તેઓની આગવી શૈલીમાં ચિતાર આપ્યો હતો.

અખિલ ગુજરાત લોહાણા સમાજની સુરત ખાતે તા. ૨૮.૦૪.૨૦૧૩ ના રોજ મળેલી પ્રથમ કારોબારી સભામાં સર્વાનુમતે પસાર કરવામાં આવેલ ઠરાવાનું મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર દ્વારા વાંચન કરવામાં આવ્યુ હતું જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતા.બાદમાં મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કર દ્વારા અત્યાર સુધી લોહાણા સમાજ તેમજ સંગઠનને મજબુત કરવામાં ઉચ્ચ ધ્યેય સાથે થઈ ગયેલ વિવિધ કાર્યક્રમો જેવાકે મેડીકલ વર્કશોપ, મેડીકલ ડીરેક્ટરીનું વિમોચન, ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી આરોગ્યલક્ષી સારવાર માટે અમદાવાદ આવતા જ્ઞાતિબંધુઓની માહિતી, તેમજ મુંબઈ સ્થિત,આરોગ્યનિધી ટ્રસ્ટ મારફત તેમને મળેલ આર્થિક સહયોગની માહિતી મહામંત્રીશ્રી મુકેશભાઈ ઠક્કરે આપી હતી. આ ઉપરાંત મહિલા સમિતિ હેઠળ ગુજરાતના વિવિધ શહેરોમાં યોજાઈ ગયેલ. ‘નિરોગી જીવન શૈલી’ અંગેના સેમીનાર, તેમજ પ્રોફેશનલ સમિતિ હેઠળ શ્રી પરિક્ષીત જોબનપુત્રા દ્વારા યોજાઈ ગયેલ. ‘હેપી મેરેજ લાઈફ’ તેમજ ‘સકસેસફૂલ પેરેટીંગ’ અંગેના સેમીનારની માહિતી તેમણે આપી હતી. તેમજ બીજા ગામ, શહેરોમાં પણ આવા સેમીનાર યોજાવા જોઈએ. તેવી અપીલ કરી હતી.




ત્યારબાદ મહામંત્રીશ્રી ભગવાનભાઈ ‘બંધુ’એ ખુબજ ઉમદાશૈલીમાં રજુઆત કરતા આપણી સંસ્થાનાં ભવિષ્યનાં વિવિધ આયોજનો અને થનારા કાર્યક્રમો જેવા કે આવનારા વર્ષને જ્યારે ‘યુવા વર્ષ’ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યુ છે. ત્યારે સૌથી મોટી શક્તિ યુવાશક્તિ ને સમાજ ઉપયોગી અને સમાજના ઉત્કર્ષ માટે વિવિધ કાર્યક્રમો માટે હાકલ કરી હતી. તેઓએ ‘વિચાર થી વિકાસ’ સુધીની યાત્રાને ખૂબજ સુંદર રીતે રજૂ કરી હતી.

અખિલ ગુજરાત લોહાણા સમાજ નાં મુખ્ય ધ્યેય એટલે કે ‘મજબુત સંગઠન’ માટે કાર્યરત ‘સંગઠન સુધા રથ’ અંગેની વિસ્તૃત માહિતી કાર્યાલય મંત્રીશ્રી હર્ષદભાઇ કારીયાએ આપી હતી. તેમજ ઉત્તર ગુજરાતમાંથી જે બે શહેર વિસનગર તેમજ પાલનપુર નાં જ્ઞાતિબંધુનાં સ્માર્ટકાર્ડ પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર તથા સૌ મહાનુભાવોનાં હસ્તે જે તે શહેરનાં પ્રતિનિધીઓને અર્પણ કર્યા હતા. આ સ્માર્ટ કાર્ડ નો ટોકન ચાર્જ રૂા. ૧૫/– નક્કી કરવામાં આવ્યો છે.




શ્રી સંજય ઠક્કર (સી.એ) (સેવાભાવી કાર્યકર)દ્વારા તૈયાર કરવામાં આવેલ તા. ૩૧.૧૨.૨૦૧૩ સુધીનાં હિસાબોની રજુઆત સહ–ખજાનચી શ્રી પી.જી. ઠક્કર દ્વારા કરવામાં આવી હતી. જેમાં અખિલ ગુજરાત લોહાણા સમાજ તથા ત્રિમાસીક મુખ્યપત્ર ‘લોહાણા વિઝન એન્ડ મિશન’ નાં અલગ અલગ હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા હતાં. તેમજ આગામી વર્ષ, વર્ષ ૨૦૧૪–૨૦૧૫ ને પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કરની ઈચ્છા અનુસાર ‘યુવા વર્ષ’ તરીકે ઉજવવાનું નક્કી કર્યા મુજબ યુવા સમિતિનાં પ્રમુખશ્રી જિજ્ઞેશભાઈ ભજીયાવાલા દ્વારા અત્યાર સુધી યુવા સમિતિ દ્વારા હાથ ધરાયેલ કાર્યોની

# બહુચરાજી ખાતે દ્વિતિય કારોબારી સભા

બેનર દ્વાર ઝલક આપી. વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ તેમની સમગ્ર ટીમના  અવિરત ઉત્સાહ નો ઉલ્લેખ કરતા આવનારા યુવાવર્ષમાં તેમની ટીમ દ્વારા થનારા કાર્યક્રમોની છણાવટ કરી હતી.

મહિલા વર્ષ દરમ્યાન મહીલા સમિતિનાં અતિ ઉત્સાહી પ્રમુખ શ્રીમતિ જયાબેન ઠક્કર નાં માર્ગદર્શન હેઠળ થયેલા વિવિધ કાર્યક્રમોની વિસ્તૃત માહિતી તેમની ગેરહાજરીમાં મંત્રી શ્રીમતી રીટાબેન ઠક્કર તથા શ્રીમતી વર્ષાબેન વિઠ્ઠલાણી દ્વારા કરવામાં આવી હતી.

આરોગ્ય સમિતિનાં પ્રમુખશ્રી ડો. માનસેતા સાહેબ દ્વારા આરોગ્ય ક્ષેત્રે થઈ રહેલી વિવિધ સેવાઓને બિરદાવી હતી. તેમજ અખિલ ગુજરાત લોહાણા સમાજના કાર્યલય ખાતે ચાલી રહેલ મેડીકલ સેન્ટર અંગે વિસ્તૃત માહિતી આપી હતી તેમજ હાલમાં ડો. શ્રુતિની પણ નિમણુક કરી હોવા અંગે સૌને જણાવ્યુ હતુ કે શ્રી માનસેતા સાહેબે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરતા ખાસ લાગણી વ્યક્ત કરી હતી કે આપણા કોઈ જ્ઞાતિબંધુ ક્યારેય પણ બિમાર ન પડે અને થેલેસેમિયા મેજર નો ભોગ ક્યારેય પણ ન બને અને તે માટે આપણે સૌએ પણ જાગૃત થવાની ખૂબજ જરૂર છે. સમાજના તમામ લોકોને થેલેસેમિયા જાગૃતિમાં ભાગ લેવો જરૂરી છે.



હાલમાં થઈ રહેલ શૈક્ષણિક જાગૃતિ તેમજ તે અંગેના વિસ્તૃત વિકલ્પો અંગે સવિસ્તાર માહિતી શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રી ચંદ્રકાન્તભાઈ તન્નાએ આપી હતી.

આ દ્વિતિય કારોબારી સભાનું એક આગવું અને ચિરસ્મરણીય કાર્ય એટલે ઉત્તર ગુજરાતનાં જાહેર જીવન ક્ષેત્રે સંકળાયેલ આપણા રઘુવંશી ભાઈઓ તથા બહેનોનું ભવ્ય સન્માન. આ એજન્ડા અંતર્ગત વિવિધ ક્ષેત્રે ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતા પ્રતિભાવંત જ્ઞાતીબંધુઓનું સર્ટિફીકેટ એવોર્ડ અર્પણ કરી તથા ખેસ ઓઢાડી ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત યજમાન સંસ્થાના શ્રી રઘુવંશી પરિવાર બહુચરાજીનાં મુખ્ય સંયોજક તથા સમગ્ર કારોબારી સભાનો તમામ ખર્ચ પોતાના ખભે ઉપાડી લઈ સુંદર વ્યવસ્થા સાથે ઉત્તમ આયોજન કરનાર શ્રી નરેશભાઈ ઠક્કરનું પણ ઢોલ નગારા ના તાલે, પાઘ પહેરાવી, શાલ ઓઢાડી, એવોર્ડ તેમજ સન્માન પત્ર એનાયત કરી વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.



શ્રી મગનભાઈ રૂપાવેલ, શ્રી હિમાંશુભાઈ ઠક્કર, શ્રી નિતિનભાઈ ઠક્કર વગેરે એ પ્રાસંગીક ઉદ્‌બોધન કરી અખિલ ગુજરાત લોહાણા સમાજની કાર્ય પદ્ધિતીને હૃદયપૂર્વક બિરદાવી હતી. તેમજ મુખપત્ર લોહાણા વિઝન એન્ડ મિશન ના પ્રચાર તથા પ્રસાર માટે સંપૂર્ણ સહયોગ આપવા ખાત્રી આપી હતી.

અખિલ ગુજરાત લોહાણા સમાજના પ્રમુખશ્રી ઉમંગભાઈ ઠક્કર દ્વારા તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું હતુ કે તેમની સુપુત્રી ચિ.નેત્રા ના શુભ  લગ્ન પ્રસંગે સૌ હોદ્દેદારો તથા જ્ઞાતી બંધુઓએ હાજરી આપી શોભામા અભિવૃધ્ધિ કરી તે બદલ હૃદય પુર્વક આભાર વ્યકત કર્યો હતો. આ ઉપરાંત સમગ્ર ટીમનો તેમણે હૃદ્યપૂર્વક આભાર વ્યક્ત કરી જે કાર્ય આપણા સમાજના ઉત્કર્ષ

# બહુચરાજી ખાતે દ્વિતિય કારોબારી સભા

તેમજ સંગઠન માટે થઈ રહ્યા છે. તેને બિરદાવ્યાં હતાં અને ખાસ વિનંતી સહ અપીલ કરી હતી કે, આપણું આગવું મુખપત્ર "લોહાણા વિઝન એન્ડ મિશન" વધારે માં વધારે ઘર સુધી પહોંચે તે માટે આપણે સૌએ કટીબધ્ધ થઈને પ્રયત્નશીલ થવું ખૂબજ જરૂરી છે.

અંતમાં આઇ.ટી. સમિતિના મંત્રીશ્રી શ્રી કીર્તીભાઈ જે. ઠક્કર, શ્રી રઘુવંશી પરિવાર, બહુચરાજીનાં શ્રી નરેશભાઈ ઠક્કર તથા તેમની સમગ્ર ટીમનો તેમજ સૌ કાર્યકર્તાઓનો અખિલ ગુજરાત લોહાણા સમાજ વતી આભાર વ્યક્ત કરી. કરોબારી સભાને સફળતા પૂર્વક પૂર્ણ થયેલ જાહેર કરી હતી અને ભોજન પ્રસાદ માટે સૌને આમંત્રણ પાઠવ્યું હતુ. તા. ૧૧.૦૧.૨૦૧૪નાં રોજ રાત્રી ભોજન તેમજ ઉતારા માટે પણ સુંદર વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આ ઉપરાંત તા. ૧૨.૦૧.૨૦૧૪ ના રોજ સવારે ચા–મીનીલંચ તથા બપોરના ભોજનની વ્યવસ્થા ખુબ જ મનભાવન હતી.

આ સમારોહમાં કચ્છમાં અંજારથી પધારેલ વિભાગીય ઉપપ્રમુખ વસંતભાઈ કોડરાણી નું પણ ત્યારબાદ સન્માન કરવામાં આવ્યું હતુ.

આ સમારોહની વિશિષ્ટતા એટલે કે, કડકડતી શિયાળાની ઠંડી હોવા છતાં, ગુજરાતના ખૂણેખૂણે થી સન્માનીત જ્ઞાતિ શ્રેષ્ઠીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા. તેમજ દરેકને સંસ્થાના પ્રતીનીધી તરીકેના ટેગ પહેરી કોર્પોરેટ લેવલ ની મીટીંગનું વાતાવરણ બતાવે છે કે દરેક જ્ઞાતિ શ્રેષ્ઠીઓને સમાજના ઉત્કર્ષ વિકાસ માટે સતત લાગણી છે. સમાજનો વિકાસ થાય અને અખિલ ગુજરાત લોહાણા સમાજ દ્વારા જ્ઞાતિના જરૂરિયાતમંદ પરિવારજનોને કેવી રીતે સહાયરૂપ થઈ શકે તે માટે સમગ્ર સમાજના મોભીઓ સતત ચિંતાતુર છે.